# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/268 Dt. 26/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ગ્રીન કાર્ડના તમામ વિકલ્પો પર ચેમ્બરે યોજ્યું માહિતીસભર સત્ર

## ડૉ. ઉર્વિશ પટેલે ઈબી-5 ઈન્વેસ્ટમેન્ટ વિઝા દ્વારા ઝડપથી ગ્રીનકાર્ડ કેવી રીતે મેળવી શકાય એનું વિગતે માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. 23 ડિસેમ્બરે સાંજે 4 કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'અમેરિકી ગ્રીન કાર્ડ-તમામ વિકલ્પો' પર એક માહિતીસભર સત્રનું આયોજન થયું હતું, જેમાં અમેરિકામાં રોકાણ દ્વારા ગ્રીન કાર્ડ મેળવવાના EB-5 કાર્યક્રમ અંગે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું અને મુખ્ય વક્તા તરીકે અમેરિકા સ્થિત એશિયન ફિઝિશિયન્સ એન્ડ પ્રોફેશનલ્સ EB-5 (APP-EB5) રિજનલ સેન્ટરના ડિરેક્ટર અને ટેક્સાસ મેડિકલ સેન્ટર, હ્યુસ્ટનના નિષ્ણાત ડૉ. ઉર્વિશ પટેલ (MD, MPH) દ્વારા EB-5 વિઝા કાર્યક્રમના વિવિધ પાસાઓ, રોકાણની તકો, લાભો અને પ્રક્રિયા વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે ગ્રીન કાર્ડ મેળવવો કપરું બન્યું છે. કાયદા બદલાવાથી ઘણું બધું બદલાઈ જતું હોય છે અને નવા ફેરફારોથી માહિતગાર રહેવું ખૂબ જરૂરી છે.

ડૉ. ઉર્વિશ પટેલે B-1, B-2, સ્ટુડન્ટ, H-1, L-1 સહિતના વિઝાના પ્રકારો નોન ઈમિગ્રેશન વિઝાના પ્રકારો અને ઉપયોગો સમજાવ્યા. સાથે તેમણે એફ વિઝા એટલે કે ફેમિલી આધારિત સ્પોન્સર્ડ વિઝા વિશે સમજણ આપી.

નોકરી આધારિત EB-1, EB-2 સહિતના વિઝા માટેની પાત્રતા અને માપદંડો સમજાવ્યા હતા. EB-5 એ ઈમિગ્રેશન આધારિત રોકાણકારો માટેનો છે. ગ્રીનકાર્ડ મેળવવામાં વિલંબના કારણો સમજાવતા તેમણે કહ્યું કે એક તો વાર્ષિક સંખ્યા મર્યાદિત છે, ભારત અને ચીન માટે ઘણો બેકલોગ છે.

ફાઈનલ એક્શન ડેટ્સ વિશે વિશ્લેષણ કરતા કહ્યું કે ફેમિલીમાં જીવનસાથી રૂટ સૌથી ઝડપી જ્યારે ભાઈ-બહેનનો સૌથી વિલંબિત રહે છે. આની સામે EB-5 ગ્રીનકાર્ડ માટેનો સૌથી વહેવારુ વિકલ્પ છે. આ પ્રોગ્રામ 1990માં લૉન્ચ થયો હતો. તેમાં ટાર્ગેટેડ એમ્પ્લોઇમેન્ટ એરિયામાં 8 લાખ ડૉલરનું રોકાણ કરવાનું છે, રોકાણ સીધેસીધું અથવા રિજિયોનલ સેન્ટર દ્વારા થઈ શકે. તેના લાભો સમજાવતા ડૉ. પટેલે કહ્યું કે બે વર્ષના શરતી ગ્રીન કાર્ડ મળે છે, પરિવારને પીઆર મળે છે, કોઇ સ્પોન્સરશિપની જરૂર નથી, નાગરિકતા તરફ પણ લઈ જાય છે. જો કે તેમાં રોકાણની નિષ્ફળતા સહિતનાં જોખમો અને પડકારો સમજવા પણ જરૂરી છે.

EB-5 અને નવા ગોલ્ડ કાર્ડ વચ્ચેનો તફાવત સમજાવતા તેમણે કહ્યું કે, EB-5 માં રોકેલા રૂપિયા થોડા વર્ષો પછી પાછા મળે છે અને ફેમિલીના તમામ સભ્યોને ગ્રીન કાર્ડ મળે છે, જ્યારે ગોલ્ડ કાર્ડમાં રૂપિયા પાછા મળતા નથી તથા સિંગલ વ્યક્તિને ગ્રીન કાર્ડ મળે છે.

તેમણે અમેરિકા જવા ઈચ્છુક લોકો, રોકાણકારોના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ કાર્યક્રમ વિશે વિગતે માહિતી આપી હતી. જ્યારે પ્રોગ્રામ કન્વીનર ડૉ. ધીરેન પટેલે વક્તાનો પરિચય કરાવ્યો હતો. ગ્રુપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

વધુ માહિતી માટે ૯૦૧૬૮ ૯૩૦૭૬ અને ૯૮૨૫૧ ૨૮૮૫૧ નો સંપર્ક કરી શકાય.